**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગ્રીષ્મોત્સવની ઉજવણીનો ઉમળકાભેર આરંભ

## શાકાહારી વાનગી સ્પર્ધામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો : ખ્યાતિ રાવલના બસ બોસા અને દક્ષા જાદવના મેન્ગો રસગુલ્લા પ્રથમ વિજેતા

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'ગ્રીષ્મોત્સવ' અંતર્ગત આયોજિત શાકાહારી વાનગી સ્પર્ધામાં ૧૫ થી ૨૫ વર્ષની વયજૂથની બહેનોમાં ખ્યાતિ અનિકેત રાવલ અને ૨૫ વર્ષથી વધુ વયજૂથની બહેનોમાં શ્રીમતી દક્ષા જાદવ પ્રથમ ક્રમે વિજેતા થયા છે.

ગ્રીષ્મોત્સવ-૨૦૧૮ની ઉજવણી અંતર્ગત યોજાયેલી શાકાહારી વાનગી સ્પર્ધામાં નગરની ૪૩ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ્સ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં બહેનોએ પોતાની વાનગીઓ સુશોભિત રીતે પ્રસ્તુત કરી હતી. નારાયણી હાઈટ્સના મુખ્ય શેફ સતિશ કુમાર અને ગાંધીનગરના જાણીતા પાકશાસ્ત્રી પરમજીતકૌર છાબડાએ નિર્ણાયકો તરીકે તમામ વાનગીઓ માણીને વિજેતાઓ નક્કી કર્યા હતા.





બે વયજૂથમાં યોજાયેલી આ સ્પર્ધામાં ૧૫ થી ૨૫ વર્ષની વયની બહેનોમાં પ્રથમ ક્રમે વિજેતા થયેલા ખ્યાતિ અનિકેત રાવલે બસ બોસા નામની વાનગી બનાવી હતી. વિશેષ ઉલ્લેખનીય છે કે, કેન્સરની સર્જરી પછી તેમણે ગઈકાલે જ ટાંકા તોડાવ્યા હતા અને આજે સ્પર્ધામાં ભાગ લીધો હતો. દ્વિતીય વિજેતા તન્વી સુખડીયાએ ગુજીયા ચાટ બનાવ્યા હતા.

૨૫ થી વધુ વયજૂથની સ્પર્ધામાં ૩૬ બહેનોએ ભાગ લીધો હતો. આ કેટેગરીમાં પ્રથમ વિજેતા દક્ષાબેન જાદવે મેન્ગો રસગુલ્લા બનાવ્યા હતા. દ્વિતીય વિજેતા અંતરકુંવરબા બિહોલાએ નમક પારા(ફરસાણ) બનાવ્યું હતું. જયારે તૃતિય ક્રમે સોનાલી એ. પરમાર વિજેતા થયા હતા. તેમણે બનાના નટ બ્રેડ બનાવ્યા હતા.

વાનગી સ્પર્ધાના મુખ્ય સંયોજક ગુંજનભાઈ વોરાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરની બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈને અનેક વૈવિધ્યસભર વાનગીઓ પ્રસ્તુત કરી હતી. નિર્ણાયકો રસોઈ કળામાં નિપૂણ હોવા છતાં તેમણે પણ અહોભાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પ્રકાશભાઈ લાલા, ડૉ. વિષ્ણુભાઈ પટેલ, ભાવિનભાઈ પટેલ અને સુકેતુભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૨૪ ની પોલીસ ચોકી ઝડપી શરુ કરવા વસાહતીઓની માંગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતા અને વેપાર વાણીજ્ય ધરાવતા સેકટરોમાં સે-૨૪ મોખરાનું સ્થાન ધરાવે છે. ત્યારે નાગરીકો અને વેપારીઓની સલામતી માટે પોલીસ ચોકી હોવી પણ આવશ્કય છે. સે-૨૪ માં રહેલી પોલીસ ચોકીનુ મકાન જર્જરીત હાલતમાં હતું. ત્યાં ઘણા વર્ષોથી પોલીસચોકી કાર્યરત હતી પરંતુ તે પણ બંધ થઈ ગઈ હતી. ત્યારે ફરીવાર આ પોલીસચોકીનું રીનોવેશનનું કામ હાથ ધરાયું છે. જેથી સે-૨૪ ની પોલીસ ચોકી નાગરીકોની સલામતી માટે ઝડપી શરુ થાય તેમ સે-૨૪ના નાગરીકોની લાગણી અને માંગણી છે.

શહેરના સે-૨૪ માં જીવન જરૂરીયાતની તમામ ચીજવસ્તુઓની મોટી દુકાનો આવેલી છે તેમજ સવારના સમયે હોલસેલનું શાકમાર્કેટ અને સાંજે રીટેઈલ માર્કેટ ભરાય છે. સે-૨૪ આસપાસના સેકટરોમાં મધ્યમાં સે-૨૪ આવેલ છે. જેને પગલે આસપાસના સેકટરના રહીશો વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે આવન-જાવન કરતા હોય છે. વસ્તીની દ્રષ્ટીએ પણ સે-૨૪ ભરચક છે જેથી પોલીસ ચોકી અત્યંત આવશ્યક છે. તંત્ર દ્વારા સે-૨૪ માં પોલીસ ચોકીનું પાકું મકાન બનાવેલ છે. આ ચોકી થોડાક વર્ષો અગાઉ કાર્યરત હતી પરંતુ કોઈ કારણોસર તંત્ર દ્વારા મકાન જર્જરીત થતા ચોકી બંધ કરી દેવામાં આવી હશે તેમ લાગી રહ્યું છે. ત્યારે હાલની સ્થિતિએ ચોકીના મકાનની મરામત શરુ કરી દેવાઈ છે. ત્યારે પોલીસ ચોકીનું મરામતનું કામ ઝડપી પૂર્ણ કરીને નાગરીકોની સલામતી માટે પોલીસ ચોકી ફરીવાર ધમધમતી કરવામાં આવે તેવી રહીશોની લાગણી અને માંગણી છે.

## જે.એમ.ચૌધરી શાળા ખાતે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજય લલિતકલા અકાદમી અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા આજરોજ ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન જે.એમ.ચૌધરી શાળા સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર શહેરની સેકટર-૭ ખાતે આવેલ જે.એમ.ચૌધરી શાળા ખાતે આજ રોજ ગુજરાત રાજય લલિતકલા અકાદમી અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા ચિલ્ડ્રન પેઈન્ટીંગનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન રમત ગમત કચેરીના અધિકારી વી.બી.દત્તાએ કર્યું હતું. પેઈન્ટીંગ વર્કશોપના તજજ્ઞ તરીકે સુરજ રામાવત, પી.જી. પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ વર્કશોપમાં ૬ થી ૧૪ વયજુથના ૬૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. વર્કશોપ તા.૧૧ થી ૧૫ મે સુધી ચાલુ રહેશે. જેમાં તજજ્ઞો દ્વારા બાળકોમાં રહેલી ચિત્ર પ્રત્યેની અભિરૂચી કાગળ પર કલર વડે ઉજાગર થશે.

## માત્ર એક જ ડોકટરથી ચાલતી દાંત વિભાગની ઓપીડી

ગાંધીનગર, તા.૧૧

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા આરોગ્યલક્ષી સારવારમાં સુધારો કરવામાં આવ્યો છે. કોલેજને પગલે સ્ટાફ સહિત આધુનિક સાધનો પણ નવીન લાવવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. તાવથી માંડીને કીડની સુધીના રોગની સારવાર થતી હોવાથી દર્દીઓની સંખ્યા વધુ જોવા મળે છે. સિવિલ કેમ્પસમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલની દાંતની ઓપીડી માત્ર એક જ રેસીડેન્સીયલ ડોકટરથી ચાલી રહી છે. જયારે દર્દીઓની લાંબી લાઈનો સર્જાતા કલાકો સુધી રાહ જોવાનો વારો દર્દીઓને આવે છે. ત્યારે દાંત વિભાગની ઓપીડીમાં વધુ ડોકટર્સ મુકવામાં આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલમાં નવી ઓપીડી બિલ્ડીંગમાં રજા માળે કાર્યરત દાંત વિભાગની ઓપીડીમાં હાલના સમયે રામ રાજ્ય હોય તેવું લાગી રહ્યું છે. મોટાભાગના ડોક્ટર્સ વેકેશનમાં ગયા હોવાથી દાંત વિભાગની રામભરોસે ચાલી રહી છે. દાંતમાં દુખાવાની ફરિયાદ સાથે જતા દર્દીઓને કલાકો સુધી બેસવાનો વારો આવે છે તો બીજીતરફ માત્ર એક જ રેસીડેન્ટ ડોક્ટર હોવાથી દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. જેથી કેટલાક દર્દીઓને સારવાર કરાવ્યા વિના પાછો જવાનો વારો આવે છે. જયારે દાંત વિભાગમાં દર્દીઓને ધક્કા ખાવાનો વારો આવે છે. ત્યારે દાંત વિભાગની ઓપીડીમાં વધુ ડોક્ટર્સ મુકવામાં આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.

## સે-૧૧ ખાતે આર્ટ ઓફ લીવીંગ દ્વારા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા વેકેશનને અનુલક્ષીને ૮મો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧, ગાંધીનગર ખાતે વિવિધ શિબિરોનું આયોજન કરેલ છે. તા. ૧૪-૫-૨૦૧૮ થી તા. ૧૭-૫-૨૦૧૮ દરમિયાન સવારે ૮ થી ૧૧ કલાક સુધી ખાસ બાળકો (ઉ. ૮ થી ૧૨ વર્ષ) માટે આર્ટ એકસેલ કોર્સ અને સાંજે ૫.૩૦ થી ૮.૩૦ સુધી યુવાઓ (ઉ. ૧૩થી ૧૭ વર્ષ) માટે યસ કોર્સનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ચિલ્ડ્રન ક્રિયા/સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના બાળકો/યુવાઓ ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુકત થઈ વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત રહે તે છે. આ શિબિરમાં ભાગ લેવા તથા કોઈ પણ માહિતી માટે શિબિર સ્થળ પર સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ઈન્ડોનેશિયાના કોન્સ્યુલ જનરલે પીડીપીયુમાં રાઉન્ડ ટેબલ બેઠકમાં ભાગ લીધો



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય યુનિવર્સિટી ખાતે ઈન્ડોનેશિયાના કોન્સ્યુલ જનરલ આદે સુકેંદરે જણાવ્યું હતું કે 'ભારત અને ઈન્ડોનેશિયાની સંસ્કૃતિમાં ઘણું સામ્ય છે.' આ સાથે તેમણે બંને દેશો વચ્ચે કોલસો, ઓઈલ એન ગેસની ટેકનિકમાં આદાન-પ્રદાનની તકો અંગે આશાવાદ વ્યકત કર્યો હતો. આદે સુકેંદર સાથે ઈન્ડોનેશિયાના ઈકોનોમિક ડીવીઝનના ડેલિગેશને પીડીપીયુની મુલાકાત લીધી હતી.

'ઈન્ડિયા-ઈન્ડોનેશિયા ઈકોનોમિક કલ્ચરલ રીલેશન' રાઉન્ડ ટેબલનું આયોજન પીડીપીયુની ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ રીલેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ રાઉન્ડ ટેબલમાં કોન્સ્યુલ જનરલ સથે અગ્રણી કોર્પોરેટ કંપનીઓ તથા શિક્ષણ તજજ્ઞોએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આસિયાનમાં ઈન્ડોનેશિયા ભારતનો મહત્વનો સાથી દેશ છે અને સંસ્કૃતિમાં સામ્યતા ધરાવતા આ દેશ સાથે કોલસા-ઓઈલ અને ગેસની ટેકનીકના આદાન પ્રદાનમાં ઘણી તકો રહેલી છે. પીડીપીયુની ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ રીલેશનના હેડ ડૉ. નિગમ દવેએ જણાવ્યું હતું કે, 'આજના વાર્તાલાપથી ઉદ્યોગ, આંતરરાષ્ટ્રીય સંબંધો અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચે સંગઠનમાં વધારો થઈ શકે છે.'

## શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળ દ્વારા 'રોજગાર પરિસંવાદ' યોજાશે

ગાંધીનગર, તા.૧૧

શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળ દ્વારા સોની સમાજના યુવક યુવતીઓ માટે સરકારી નોકરીઓની અનેક જગાઓની ભરતી માટે લવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન હેતુ એક 'રોજગાર પરિસંવાદ'નું આયોજન આગામી તા. ૧૩-૫-૨૦૧૮ રવિવારના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી રજીસ્ટર્ડ થયેલ ૮૦૦ કરતા વધારે ઉમેદવારોને વિવિધ જગાઓની ભરતી પ્રક્રિયાની સમજણ તથા આવી સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા કેવી રીતે તૈયારી કરવી તથા સ્વરોજગાર માટેની સરકારની વિવિધ યોજનાઓ અને આરોગ્ય તથા શિક્ષણ સહિતની બહુવિધ વિગતો અંગેની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન ગાંધીનગર ખાતે ગુજરાત સરકારમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર ફરજ બજાવતા/નિવૃત્ત થયેલ અને અનુભવી એવા સોની જ્ઞાતિના વર્ગ-૧ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પુરું પાડવામાં આવશે.

આ 'રોજગાર પરિસંવાદ'માં અગાઉ માત્ર ૧૫૦ જેટલા ઉમેદવારોનું રજીસ્ટ્રેશન કરવામાં આવનાર હતુ પરંતુ સોની સમાજમાંથી માર્ગદર્શન માટે મળેલ ખૂબ જ ઉત્સાહને કારણે અને અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળના માનદમંત્રી મહેન્દ્રભાઈ સોનીના આ કાર્યક્રમનો સમાજના વધુમાં વધુ લોકોને લાભ મળે તે માટેના અભૂતપૂર્વ પ્રયાસોને કારણે આજે ૮૦૦ જેટલા રજીસ્ટ્રેશન થયેલ. આ તમામ ઉમેદવારોનો સમાવેશ કરી રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવાર માટે પરીક્ષાલક્ષી કીટ અને સાંજના ડીનરની વ્યવસ્થા સાથે સોની સમાજના યુવક યુવતીઓને વિનામૂલ્યે તમામ માર્ગદર્શન આપવાનો એક પ્રશંસનીય પ્રયાસ હાથ ધરેલ છે તેમ સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ લાઠીગરાએ જણાવ્યું છે.

## પલસાણા ગામે મારૂતી ફ્રન્ટી કારમાંથી ૧૩૮ લીટર દેશી દારૂનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૧૧

મારૂતિ ફ્રન્ટી કારમાં દેશી દારૂની હેરફેર કરતા શીલજ ગામના ઈસમને ગાંધીનગર એલસીબીએ કલોલના પલસાણા ગામના પાટીયા પાસેથી પકડી પાડયો હતો. પોલીસે આરોપી પાસેથી ૧૩૮ લીટર દેશી દારૂનો જથ્થો અને ફ્રન્ટી કાર સહિતનો મુદ્દામાલ કબજે કરી તેને કલોલ પોલીસને હવાલે કર્યો હતો.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમ કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી આ દરમિયાન ટીમના પોલીસ કર્મી મનુજી બેચરજીને બાતમી મળી હતી કે અમદાવાદનો એક શખ્સ ફ્રન્ટી કાર નં. જીજે ૧ આર. ૧૧૪૦માં દેશી દારૂનો જથ્થો લઈ પલસાણા ગામ તરફ આવી રહ્યો છે. એલસીબીની ટીમે બાતમી સ્થળે વૉચ ગોઠવી બાતમીના નંબર અને વર્ણન વાળી કાર પસાર થતા પોલીસે તેને અટકાવી હતી અને તેમાં તપાસ કરતા તેમાંથી ૧૩૮ લિટર દેશી દારૂનો જથ્થો ઝડપી કાર ચાલક બુટલેગર સતિષ ઉર્ફે સતીયો મકાભાઈ દંતાણી (રહે. આંબલી રોડ, શીલજ ગામ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ) પાસેથી રૂ. ૨૭૬૦નો દેશી દારૂનો જથ્થો તથા રૂ. ૨૫૦૦૦ની કિંમતની ફ્રન્ટી કાર મળી કુલ રૂ. ૨૭૭૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને આરોપી વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# કાળઝાળ ગરમીમાં અબોલ પશુ-પંખીની હાલત દયનીય

## રસ્તે રખડતા પશુઓ અને ગગનમાં વિહરતા પંખીઓના પાણી માટે વલખાં : ગરમીથી બચવા એક જગ્યાએ ભરાઈ રહેતા આ અબોલ જીવો ખોરાક માટે વિવશ

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર રાજયમાં ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. કાળઝાળ ગરમીનો સામનો મનુષ્ય યેનકેન પ્રકારે કરી લે છે. પરંતુ અબોલ પશુ-પંખીની હાલત દયનીય બની ગઈ છે. અતિ ગરમીમાં બહાર ન નીકળી શકતા આ જીવોને પાણી અને ખોરાકના વલખા પડયા છે. જો કે કેટલાક જીવદયા પ્રેમીએ આ જીવો માટે પાણીના કુંડા અને ખોરાકની વ્યવસ્થા હાથ ધરી છે જે પણ ચોકકસ સ્થળોએ જ ઉપલબ્ધ બની રહેતા અન્ય ઠેકાણે સ્થિતિ કઠીન બની છે. પાલતુ પશુ પંખીની યોગ્ય માવજત કરતાં પાલકો દ્વારા ઘરની બહાર પાણી અંગેના વાસણ મુકી પોતાની ફરજ સમજી રહ્યા છે છતાં કુદરતના આ કહેર સામે આ અબોલ જીવો હાલ દયા પાત્ર બન્યા છે.

ગરમીના વધી રહેલા પ્રકોપથી જન જીવન ઉપર વ્યાપક અસરો પડી છે. સાથોસાથ અબોલ પશુ-પંખી પણ હેરાન-પરેશાન થઈ ઉઠયા છે. વિકાસને વેગ આપવા જરૂર જણાય ત્યાં વૃક્ષો કાપી નખાયા છે જેથી વૃક્ષો ઉપર રહેતા પંખીઓનું નિવાસસ્થાન છીનવાઈ ગયું છે. વધુમાં ગરમીના કારણે



તળાવ,નદી-નાળા વગેરે સુકાઈગયા છે જેથી વિહરતા પંખીઓ પાણી માટે ટળવળી રહ્યા છે જયારે રસ્તે રખડતા પશુઓ પણ પાણીની શોધ માટે અહીં તહીં ભટકયા કરે છે.

ગાંધીનગરમાં જીવદયા પ્રેમી એવા હેપ્પી ગ્રુપ દ્વારા તાજેતરમાં જ લગભગ ૩ હજાર જેટલા ચકલી ઘરનું લોકોને વિતરણ કરી હેપ્પી સ્પેરોવીકની ઉજવણી કરી હતી. જેમાં આ પંખીઓને રહેઠાણની વ્યવસ્થા થઈ શકે તેવો ઉદ્દેશ હતો. પરંતુ કબુતર, કાગડાં, કાબર તથા અન્ય પંખીઓની હાલત દયનીય બની છે. ધગધગતી ગરમીમાં વિહાર ન કરી એક જગ્યાએ પડી રહેતા આ પંખીઓને પાણી અને ખોરાક દુર્લભ બન્યા છે. તો રસ્તે રખડતી ગાયો, કૂતરા, બકરીઓ, ગધેડા વગેરે પ્રાણીઓ પણ પાણી અને ખોરાકથી વંચિત બન્યા છે. જો કે કેટલાક જીવદયા પ્રેમીઓએ અમુક ઠેકાણે હવાડા, કુંડ અને વાસણમાં પાણી ભરીને વ્યવસ્થા હાથ ધરી છે છતાં પણ અમુક જીવો શરીરની આ મૂળભૂત જરૂરિયાત સામે વિવશ બની મોતને ભેટી રહ્યા છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવની ઉજવણી અંતર્ગત સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન શ્યાલમ સૌમિલ દ્વારા ગીત સંગીતનો કાર્યક્રમ યોજાશે.

● રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે.

## વાતવાતમાં

● સેકટર-૧૬માં પાટનગર યોજના ભવનના પાછળના ભાગે વાંદરાની ટોળી ભારે તોફાને ચઢી હતી. વાંદરાઓની ટોળીના આ આતંકના કારણે ત્યાં પાર્ક કરાયેલા વાહનોના વાહનચાલકોને વાહન કાઢવા માટે પણ ભાર પરેશાનીનો ભોગ બનવું પડયું હતું.

## ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી મોબાઈલ ચોરતા બે ગઠીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ડેપોમાં હિંમતનગર-ગાંધીનગરની એસ.ટી. બસમાં એક મહિલાનો મોબાઈલ ખેંચી ભાગતા બે ગઠીયાઓને કન્ટ્રોલરે પકડી લીધા હતા અને બંને ગઠીયાઓને પોલીસને હવાલે કર્યા હતા.

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં છેલ્લા ૧૦ દિવસથી પાકીટ ચોરી, મોબાઈલ ચોરી અને બેગ ચોરીના બનાવ વધવા પામ્યા હતા. ચોરીના બનાવોને રોકવા માટે એસ.ટી. ડેપો સંકુલમાં કંટ્રોલરે વોચ રાખવાની શરૂઆત કરી હતી. આજે બપોરે દોઢ વાગ્યાના અરસામાં હિંમતનગરથી ગાંધીનગર આવેલી એસ.ટી. બસમાં એક મહિલાનો મોબાઈલ બે ગઠીયા ખેંચી ભાગવાનો પ્રયાસ કરતા હતા ત્યારે કંટ્રોલરે આ બે ગઠીયાને દબોચી પાડયા હતા અને તુરંત આ મામલે પોલીસને જાણ કરતા પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી જયાં ડેપોના કંટ્રોલરે બંને ગઠીયાઓને મોબાઈલ સાથે પોલીસના હવાલે કર્યા હતા.

## રવિવારે હિન્દી-ગુજરાતી ભાષાના કવિઓની કાવ્યગોષ્ઠિ

ગાંધીનગર, તા.૧૧

ગરવી ગુર્જર ધરાના પનોતા ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર અને સંવર્ધનસારૂ તથા ગુજરાતી સાહિત્ય સદાકાળ મઘમઘતું મહેંકતું અને ધબકતું રહે તે માટે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા અવનવા સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે તે અંતર્ગત ચાલુ માસની સાહિત્યિક બેઠકમાં તા. ૧૩-૫-૨૦૧૮ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ગાંધીનગર ખાતે સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને, 'હિન્દી-ગુજરાતી ભાષના કવિઓની કાવ્યગોષ્ઠિ'નો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં બંને ભાષાના જાણીતા કવિઓ પોતાની સ્વરચિત રચનાઓની રસલ્હાણ કરશે. તો આ અનોખો સાહિત્યિક કાર્યક્રમ માણવા અચુક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા સર્વે સભ્યોને સંસ્થાના પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ડાહ્યાભાઈ મોહનભાઈ સોલંકી, ઉ.વ. ૮૨
- સ્વ. નરેશભાઈ છગનભાઈ રાઠોડ, ઉ.વ. ૪૫